રોકડ, મોબાઈલ, બાઈક મળી રૂા.૯૮ હજારનો મુદ્દામાલ:

# જામજોધપુરના વનાણા ગામમાં ગંજીફો કૂટતા આઠ શખ્સ ઝબ્બે: બે શખ્સ ફરાર

*જામનગર તા.૫ : જામજોધપુરના વનાણા ગામમાં ગઈકાલે સાંજે જાહેરમાં ગંજીફો ચીંપતા આઠ શખ્સ ઝડપાયા છે. બે શખ્સ પોલીસને જોઈને નાસી ગયા છે. રોકડ, મોબાઈલ, બે બાઈક મળી રૂા.૯૮૪૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. લાલપુર શહેરમાંથી એક વર્લીબાજની ધરપકડ કરવામાં આવી છે.*

જામજોધપુર તાલુકાના વનાણા ગામમાં ગઈકાલે સાંજે એક મકાન પાસે ઝાડ નીચે જુગાર રમાતો હોવાની બાતમી પરથી શેઠવડાળા પોલીસ સ્ટેશનના સ્ટાફે હાજાભાઈ નથુભાઈ નનેરાના મકાન નજીક દરોડો પાડ્યો હતો.

જ્યાં જાહેરમાં મોબાઈલની લાઈટના અજવાળે ગંજીપાના વડે જુગાર રમી રહેલા મિતેશ ભીમાભાઈ કારેણા, મહેશ કરશનભાઈ ગાજરોતર, રમેશ પરબતભાઈ કારેણા, રાયદે પોલાભાઈ ગાજરોતર, હમીર પોલા ગાજરોતર, ભગીરથ પરબતભાઈ ગાજરોતર, હિતેશ હરજીભાઈ કારેણા, જયદીપ પરબતભાઈ ગાજરોતર નામના આઠ શખ્સ ઝડપાઈ ગયા હતા.

પોલીસને જોઈને વિક્રમ અજાભાઈ આંબલીયા અને વેજાભાઈ કારાભાઈ આંબલીયા નામના બે શખ્સ નાસી ગયા હતા. પોલીસે પટમાંથી રૂા.૨૩૪૫૦ રોકડા, બે બાઈક, સાત મોબાઈલ મળી કુલ રૂા.૯૮૪૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. દરેક સામે જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધાયો છે.

લાલપુર શહેરમાં ગ્રામ પંચાયત કચેરી પાસેથી રવિ જયંતિભાઈ દાણીધારીયા નામનો શખ્સ ગઈકાલે સાંજે વર્લીના આંકડા લખતો મળી આવ્યો હતો. પોલીસે રોકડ તથા ચિઠ્ઠી કબજે કર્યા છે.

મોટરચાલક સામે પોલીસે નોંધ્યો ગુન્હો:

# વરવાળા પાસે મોટરે ઠોકર મારતા બાઈક ચલાવીને જતાં યુવાનનું ગંભીર ઈજાથી મૃત્યુ

*જામનગર તા.૪ : ઓખા મંડળના વરવાળા પાસે પેટ્રોલ પંપ રોડ પર ગઈકાલે બપોરે એક બાઈકને મોટરે ઠોકર મારતા ગંભીર ઈજા પામેલા યુવાનનું મૃત્યુ નિપજ્યું છે. મોટરચાલક સામે પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.*

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વરવાળા પાસેથી ગઈકાલે બપોરે ત્રણેક વાગ્યે ધનાભાઈ નાયાભાઈ રાઠોડ નામના યુવાન જીજે-૩૭-એચ ૯૦૭૭ નંબરના મોટરસાયકલ પર જતા હતા ત્યારે તેઓને જીજે-૨૩-સીસી ૬૩૯૮ નંબરની અર્ટીગા મોટરે ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ગંભીર ઈજા પામેલા ધનાભાઈનું સારવારમાં ખસેડવામાં આવ્યા પછી મૃત્યુ નિપજ્યું છે. દ્વારકાના રૂક્ષ્મણીનગરમાં રહેતા હમીરભાઈ રાજાભાઈ ચાનપાએ મોટરચાલક સામે દ્વારકા પોલીસમાં ફરિયાદ કરી છે.

બાથરૂમમાં સ્નાન કરતી વખતે તરૂણીને વીજ આંચકો:

# ગાયો બાંધવાના એક ઢાળીયામાં કાચી દીવાલ ધસી પડતાં ઘાયલ મહિલાનું મૃત્યુ

*જામનગર તા. ૫: જામનગર તાલુકાના ધુડશીયા ગામમાં ગાયો બાંધવાના એક ઢાળીયો ધરાવતા આસામીના પત્ની સાડા ત્રણ મહિના પહેલાં રાત્રિના સમયે કામ કરતા હતા ત્યારે કાચી દીવાલ તેમના પર ધસી પડતા ગંભીર ઈજા પામેલા મહિલાનું સારવારમાં મૃત્યુ નિપજ્યું છે. જ્યારે કાલાવડમાં બાથરૂમમાં સ્નાન કરવા ગયેલી તરૂણીને વીજ આંચકો ભરખી ગયો છે.*

જામનગર તાલુકાના ધુડશીયા ગામમાં રહેતા રમેશભાઈ ગાંડુભાઈ ભંડેરી નામના પટેલ યુવાનના પત્ની પુષ્પાબેન (ઉ.વ.૪૫) ગઈ તા.૩૦ નવેમ્બરની રાત્રે નવેક વાગ્યે પોતાના ઘરની પાછળ આવેલા એક ઢાળીયામાં કામ કરતા હતા.

આ સ્થળે રમેશભાઈ ગાયો બાંધતા હતા. ત્યાં કામ કરતી વખતે એક ઢાળીયાની કાચા બેલાની કમ્પાઉન્ડ વોલ અચાનક ધસી પડી હતી. તેના બેલા પુષ્પાબેન પર પડતા આ મહિલા ને માથા સહિતના શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થઈ હતી. સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયેલા પુષ્પાબેનનું મૃત્યુ નિપજ્યું છે. રમેશભાઈએ પોલીસને જાણ કરી છે.

કાલાવડ શહેરમાં નગર પાલિકા કચેરી પાછળ વસવાટ કરતા અસરફભાઈ નુરમામદ સમા નામના પ્રૌઢની ૧૬ વર્ષની પુત્રી અફરોઝા ગઈકાલે બપોરે પોતાના ઘરમાં બાથરૂમમાં સ્નાન માટે ગઈ ત્યારે કોઈ રીતે વીજ આંચકો લાગતા બેભાન બની ગઈ હતી. આ તરૂણીને સારવારમાં ખસેડવામાં આવ્યા પછી તેણીનું મૃત્યુ નિપજ્યું છે. પિતા અસરફભાઈએ પોલીસને જાણ કરી છે.

આ વર્ષે એક અનોખું આકર્ષણ

# જામનગરમાં રામનવમીના દિવસે ૧૨ ફૂટના હનુમાનજી કરશે નગરભ્રમણ

*જામનગર તા. ૫: જામનગરમાં મહાદેવ હર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રિના પર્વ તેમજ રામનવમીના પર્વે પ્રતિ વર્ષ નવા આકર્ષણો ઊભા કરવામાં આવે છે, તે અનુસાર આ વખતે શોભાયાત્રાના તમામ રૂટ પર ૧૨ ફૂટના વિશાળ કદના હનુમાનજીને નગર ભ્રમણ કરાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે*

નગરના જ એક કલાકાર મયુરભાઈ ગોસ્વામી દ્વારા હનુમાનજીને વેશભૂષા તૈયાર કરીને ૧૨ ફૂટના કદના હનુમાનજીનું રૂપ ધારણ કરાશે.

વિશાળ ગદા સાથેના આકર્ષક પહેરવેશ સાથે ના હનુમાનજી માટે શોભાયાત્રા ના રૂટ પર એક વિશેષ ફ્લોટ તૈયાર કરાયો છે. મહાદેવ હર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટ તેમજ રંગતાળી ગ્રુપ અને સહિયર ગ્રૂપના સહયોગથી તૈયાર કરાયેલા ફ્લોટ્સમાં હનુમાનજીને બિરાજમાન કરાવવામાં આવશે.

ત્યારબાદ શોભા યાત્રામાં જોડાનારા તમામ ફ્લોટ્સ કે જેની વચ્ચે વિશાળ કદના હનુમાનજીની પધરામણી કરાવવામાં આવશે, અને ક્રમશઃ પૂરા શોભાયાત્રાના રૂટ પર નગર ભ્રમણ કરાવાશે. જે નજારો નિહાળવા સર્વે ધર્મ પ્રેમીઓને શોભાયાત્રામાં જોડાવા અનુરોધ કરાયો છે.

ત્રણ ટન ધૂળ અને મીની ટ્રક કબજે કરાયા:

# ખંભાળિયાના કોટામાં ગોડાઉનમાંથી ધૂળની ચોરી કરનાર છ શખ્સ ઝડપાયા

*જામનગર તા. ૫: ખંભાળિયાના કોટા ગામમાં એક ગોડાઉનમાંથી સોના-ચાંદીના કામમાં લેવામાં આવતી ધૂળના જથ્થામાંથી પાંચ ટન ધૂળ ચોરાઈ ગયાની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસે છ શખ્સને ત્રણ ટન ધૂળ તથા ચોરીમાં વાપરેલા મીની ટ્રક સાથે પકડી પાડ્યા છે.*

ખંભાળિયા તાલુકાના કોટા ગામમાં કરમદી પાસે એક ગોડાઉનમાં સોના-ચાંદીનું કામ કરતા આસામીએ પાંચ ટન જેટલી ધૂળ એકત્ર કરી રખાવી હતી. તે ધૂળની ચોરી થઈ ગયાની ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ હતી.

તેની તપાસમાં પીઆઈ ડી.જે. સરવૈયા તથા સ્ટાફે જીજે-૩૨-ટી ૫૧૯ નંબરનું વાહન અને ત્રણ ટન રેતી સાથે ખંભાળિયાના નવાપરામાં રહેતા નિલેશ રમેશભાઈ પરમાર, રાજકોટમાં રહેતા વિપુલ પ્રેમજીભાઈ રાઠોડ, નિલેશ પ્રેમજીભાઈ રાઠોડ, રાજુ ઈશ્વર સોલંકી, વિજય મધુભાઈ બારૈયા, સુરેશ ભીખુભાઈ ડોડીયા નામના છ શખ્સને પકડી પાડ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ દ્વારા

# રાવલ, કલ્યાણપુર, ઓખા, સલાયા અને ખંભાળિયા શહેર તથા તાલુકા ભાજપના હોદ્દેદારોની થઈ વરણી

જામનગર તા. ૫: દેવભૂમિ દ્વારકા જિલ્લાના રાવલ, કલ્યાણપુર, ઓખા, સલાયા અને ખંભાળિયા તાલુકાના ભાજપના પ્રમુખ સહિતના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુર ગઢવી દ્વારા પક્ષના ઉચ્ચ હોદ્દેદારો સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી તાલુકાઓમાં પ્રમુખ સહિતના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે.

જેમાં જામરાવલ શહેરમાં પ્રમુખ તરીકે સચિન અગાવત, મહામંત્રી તરીકે રાણાભાઈ જમોડ અને મનોજભાઈ મેર, ઉપપ્રમુખ પદે લીલાભાઈ વાઘેલા, નિલેષ વાઘેલા, દ્વારકેશ થાનકી, લતાબેન અગાવત, [illegible]બેન પરમાર, અને શોભનાબેન પરમાર, મંત્રી તરીકે રમેશભાઈ દેત્રોજા, જ્યોસનાબેન કંથરાઈ, સંજય મકવાણા, અખિલ મકવાણા, મોહનભાઈ સોલંકી, શાંતિબેન જમોડ અને કોષાધ્યક્ષ તરીકે શાંતિબેન જાદવની નિમણૂકનો સમાવેશ થાય છે.

કલ્યાણપુર તાલુકામાં પ્રમુખ તરીકે વલ્લભભાઈ હડિયલ, મહામંત્રી તરીકે દિનેશભાઈ બેલા અને શરદભાઈ મોદી, ઉપપ્રમુખ પદે ભરતભાઈ વારોતરિયા, આંબાભાઈ ડાભી, વિરાભાઈ ચાવડા, અનિરૂદ્ધસિંહ વાઢેર, કરશનભાઈ કાંબરિયા અને નિમુબેન મકવાણા, મંત્રી તરીકે હરિભાઈ કણઝારિયા, ભરતભાઈ મેર, ગીતાબેન નવેરા, નાથાભાઈ વરૂ અને જગદિશભાઈ ભાટિયા અને હિનાબેન હડિયલ તેમજ કોષાધ્યક્ષ તરીકે ધેલુભાઈ સાખરાની વરણી કરવામાં આવી છે.

ઓખા શહેરના પ્રમુખ તરીકે સુરેશભાઈ ગોહિલ, મહામંત્રી તરીકે આલાભા માણેક અને રવિભાઈ વારા, ઉપપ્રમુખ તરીકે હિતેષભાઈ ગોકાણી, હરેશભાઈ અગાવત, વિવેક જગતિયા, સુભાષભા માણેક, કિશોરભાઈ અગાવત અને નાંગેશભા નાથાણી તથા મંત્રી તરીકે લખમાબેન મોરી, પ્રતાપભાઈ જેઠવા, રશીદાબેન પલાણી, પ્રીતિબેન ચૌહાણ, સુનિતાબેન ઝાલા, યાસ્મિનબેન તુરક, તથા કોષાધ્યક્ષ તરીકે રાજભા માણેકને નિમણૂક આપવામાં આવી છે.

સલાયા શહેરમાં પ્રમુખ તરીકે ચિરાગભાઈ દિલીપભાઈ તન્ના (લાલજી ભુવા), મહામંત્રી તરીકે પ્રદિપસિંહ જાડેજા અને સુમિતલાલ, ઉપપ્રમુખ તરીકે મોહન વ્યાસ, રાજ તન્ના, પુનિતભાઈ ભટ્ટ, ખ્યાતિબેન કિરસાતા, મધુબેન મોદી, અને સ્મિત સામાણી, મંત્રી તરીકે રેખાબેન વલાણી, રેખાબેન મકવાણા, વિજયગીરી ગોસ્વામી, જયેશભાઈ પરમાર, દિવ્યેશગીરી ગોસ્વામી, અને કપિલભાઈ પીઠડિયા તથા કોષાધ્યક્ષ તરીકે હીપીનભાઈ આહ્યાની વરણી કરવામાં આવી છે.

જ્યારે ખંભાળિયા તાલુકામાં પ્રમુખ તરીકે કશ્યપભાઈ આહિર, મહામંત્રી તરીકે ડો. વિશાલભાઈ કણઝારિયા, અને ખિમાણંદભાઈ ગઢવી, ઉપપ્રમુખ તરીકે નારણભાઈ ચાવડા, ગંગાબેન પરમાર, નેભાભાઈ આંબલિયા, વનરાજસિંહ જાડેજા, લક્ષ્મીબેન ડગરા, અને ટ્વીંકલબેન ડોડિયા, મંત્રી તરીકે દેવસીભાઈ ભાટિયા, મનિષાબેન નકુમ, જસવંતસિંહ જાડેજા, પ્રવિણભાઈ લાંબરિયા, દિપ્તિબેન મંગેશ, દિનેશભાઈ જોષી, અને કોષાધ્યક્ષ તરીકે વૃજલાલ વોરીયાની નિમણૂક કરવામાં આવી છે.

સુવરડાની સીમમાં બુધવારે પ્લેન થયું હતું ક્રેશ:

# પ્લેન ક્રેશ થવાના બનાવ અંગે સઘન તપાસ: કોર્ટ ઓફ ઈન્ક્વાયરીનો આદેશ

*જામનગર તા.૪ : જામનગર નજીક સુવરડા ગામની સીમમાં બુધવારની રાત્રે ક્રેશ થયેલા એરફોર્સના ફાઈટર પ્લેન અંગે વધુ તપાસ માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીનો હુકમ થયો છે. આ દુર્ઘટનામાં એક પાયલોટ શહીદીને વર્યા હતા.*

જામનગરના સુવરડા ગામની સીમમાં બુધવારે રાત્રે એરફોર્સનું જગુઆર ફાઈટર પ્લેન ટેકનિકલ ક્ષતિ સર્જાતા ક્રેશ થયું હતું. આ પ્લેનના ફ્લાઈટ લેફ. સિદ્ધાર્થ સુશીલ કુમાર યાદવનું અવસાન થયું હતું. જ્યારે સાથે રહેલા કો પાયલોટ મનિષ સિંગ સળગતા પેરાસૂટ સાથે સુવરડાની સીમમાં પડ્યા હતા.

આ બનાવ પછી કલેકટર, એસપી સહિતના અધિકારીઓ અને એરફોર્સની ટીમ દોડી આવ્યા હતા. આ બંને પાયલોટે પોતાના જીવને જોખમમાં મૂકી આકાશમાં જ અગનગોળો બની રહેલા પ્લેનને માનવ વસ્તીથી દૂર લઈ જવાના જીવ સટોસટના કરેલા પ્રયત્નોને આખરે સફળતા મળી હતી. જો કે, એક પાયલોટ શહીદીને વળતા ગમગીની પ્રસરી હતી.

આ બનાવ અંગે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીનો હુકમ કરવામાં આવ્યો છે. પાંચ દાયકાની વધુ સમયથી ભારતીય એરફોર્સમાં જગુઆર પ્લેન ફાઈટર પ્લેન તરીકે સામેલ રહ્યું છે. ત્યારે બુધવારના ઉપરોક્ત બનાવ અંગે વધુ વિગતો પ્રાપ્ત કરવા તપાસના આદેશ થયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

- ★ ૪૪.૫ ડિગ્રી તાપમાન સાથે ભૂજ ભારતનું સૌથી ગરમ શહેર બન્યું.
- ★ કતારના દોહામાં લુસૈલ સ્કાય ફેસ્ટિવલમાં 3000 ડ્રોન અને ૧૫૦ એરક્રાફ્ટ એર શો થી દર્શકો મંત્રમુગ્ધ.
- ★ સર્વિસ સેક્ટરનો પીએમઆઈ માર્ચ માસમાં ઘટીને ૫૮.૫ નોંધાયો.
- ★ ભારતનું ફોરેક્સ રિઝર્વ ૨૮-માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ૬.૫૯ અબજ ડોલર વધીને ૬૬૫.૩૯ અબજ ડોલર થયું.
- ★ અમદાવાદ: ઓનલાઈન સુનાવણીમાં સિગારેટ પીતા યુવકને હાઈકોર્ટે રૂા.૫૦ હજારનો દંડ ફટકાર્યો.
- ★ ભરૂચ: જંગલી હુક્કરોએ શેરડીના ખેતરો ખેદાન-મેદાન કર્યા: ૬૦ ટકા નુકસાન.

વડોદરાની જેલમાં ધકેલી દેતી પોલીસ:

# નવાગામ ઘેડના શખ્સ સામે પાસા

*જામનગર તા.૫ : જામનગરના નવાગામ ઘેડમાં રહેતા એક શખ્સ સામે શરીર સંબંધી બે ગુન્હા નોંધાયા પછી પોલીસે તેની સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. જેને મંજૂર કરવામાં આવતા આ શખ્સને વડોદરાની જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.*

જામનગરના નવાગામ ઘેડમાં વસવાટ કરતા રોહિત વિશાલભાઈ ઉર્ફે સદામ શિંગાળા નામના શખ્સ સામે શરીર સંબંધી બે ગુન્હા નોંધાયા હતા. આ શખ્સ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરવા એસપી પ્રેમસુખ ડેલુએ સુચના આપી હતી. જેના પગલે એલસીબી પીઆઈ વી.એમ. લગારીયા તથા સિટી બી ડિવિઝનના પીઆઈ પી.પી. ઝાએ સ્ટાફને સુચના આપી હતી. ત્યારપછી રોહિત વિશાલ શિંગાળા સામેની તૈયાર થયેલી પાસાની દરખાસ્ત જિલ્લા મેજી. સમક્ષ રજૂ કરવામાં આવી હતી. તેને મંજૂરી મળતા ગઈકાલે એલસીબીએ આ શખ્સની અટકાયત કરી તેને વડોદરાની મધ્યસ્થ જેલમાં ધકેલી દીધો છે.

બે સપ્તાહ પૂર્વે અકસ્માત:

# સમર્પણ સર્કલ પાસે બાઈકને ઈકોની ટક્કર: ચાલકને ઈજા

*જામનગર તા.૪: જામનગરના સમર્પણ સર્કલ પાસે બે સપ્તાહ પૂર્વે એક બાઈકને મોટરે ઠોકર મારી અકસ્માત સર્જતા બાઈકચાલક ઘવાયા છે. જામનગરની સત્યમ્ કોલોની રોડ પર શિવમ્ સુંદરમ્ સોસાયટી પાછળ ગજાનંદ સોસાયટીમાં રહેતા નરશીભાઈ લાલજીભાઈ કણઝરીયા ગઈ તા.૨૦ની સવારે સમર્પણ સર્કલ પાસેથી જીજે-૧૦-ડીબી ૩૨૦૮ નંબરના મોટરસાયકલ પર જતા હતા. આ વેળાએ જીજે-૧૦-ડીઆર ૪૪૭૫ નંબરની ઈકોના ચાલક ઈશ્વરભાઈ રામાવતે તેઓને ઠોકર મારી પછાડી દીધા હતા. પોલીસમાં નરશીભાઈએ ફરિયાદ કરી છે.*

એક આસામીએ અદાલતમાં નોંધાવી હતી ફરિયાદ:

# પોલીસ મથકમાં પટા વડે માર મારવાના આરોપમાં પીઆઈ-પીએસઆઈનો છૂટકારો

*જામનગર તા.૫ : જામનગરના એક પ્રૌઢને પોલીસ મથકે બોલાવી પટા વડે માર માર્યાની પીઆઈ તથા પીએસઆઈ સામે અદાલતમાં ફરિયાદ કરવામાં આવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી બંને પોલીસ અધિકારીનો છૂટકારો ફરમાવ્યો છે.*

આ બનાવની વધુ વિગત મુજબ જામનગરના ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતા ભાવસંગ રાઠોડ નામના આસામીએ અદાલતમાં થોડા સમય પહેલાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, બનાવના દિવસે તેઓ પોતાના પરિવાર સાથે ઘરમાં હતા ત્યારે સિટી સી ડિવિઝન તત્કાલિન પીઆઈ કે.પી. જોષી અને પીએસઆઈ સંજય મહેતા રાત્રિના સમયે આવ્યા હતા.

આ વ્યક્તિઓએ તારો પુત્ર સંજયસિંહ ક્યા છે, તેને સવારે પોલીસ સ્ટેશન હાજર કરજે તેમ કહેતા બીજા દિવસે સવારે ભાવસંગ અને તેમના પત્ની પોલીસ મથકે ગયા હતા. જ્યાં પીઆઈ-પીએસઆઈએ તારો પુત્ર ક્યા છે તેમ કહી પટાથી ભાવસંગને માર માર્યો હતો અને રાત્રિ સુધી ગોંધી રાખ્યા હતા.

ઉપરોક્ત ફરિયાદ ચાલવા પર આવતા ફરિયાદ પક્ષે દલીલ કરી હતી કે, તેઓએ કોઈ ગુન્હો કર્યો ન હતો અને એફઆઈઆર ન હતી તેમ છતાં પોલીસે કોઈ ખુલાસો કર્યા વગર જ ભાવસંગને માર મારી પત્ની સામે અપમાનજનક સ્થિતિમાં મુક્યા હતા અને સત્તાનો દૂર ઉપયોગ કરી પોલીસ મથકમાં ગોંધી રાખ્યા હતા.

તેની સામે બચાવપક્ષે દલીલ કરી હતી કે, પોલીસ દ્વારા કોઈ ગુન્હો કરાયો નથી, પુત્રએ ગુન્હો કર્યો હોય તેને હાજર કરાવવા પોલીસ દ્વારા ડ્યૂટી બજાવવામાં આવી હતી. આ રીતે પોલીસ સામે આક્ષેપો થતાં રહેશે તો સમાજમાં તેનો ટ્રેન્ડ ઉભો થશે અને પોલીસ કામગીરી કરી શકશે નહીં. અદાલતે બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી આરોપી પીઆઈ જોષી તથા પીએસઆઈ મહેતાનો છૂટકારો ફરમાવ્યો છે. બચાવપક્ષ તરફની વકીલ રાજેશ ગોસાઈ, વિશાલ જાની, એચ.આર. ગોહિલ, રજનીકાંત નાખવા, નિતેશ મુછડીયા રોકાયા હતા.

વન અને પર્યાવરણ વિભાગ દ્વારા

# હાલારના ૭ સહિત ૭૩ ક્લાર્કને સિનિયર ક્લાર્ક તરીકે અપાયું પ્રમોશન

જામનગર તા. ૫: વન અને પર્યાવરણ વિભાગ હેઠળના અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી અને અન્ય તાબાની કચેરીમાં કારકૂન વર્ગ-૩ માં ફરજ બજાવતા ૭૩ કર્મચારીઓને સિનિયર ક્લાર્ક વર્ગ-૩ માં બઢતી આપવામાં આવી છે. જેમાં હાલારના પણ સાત કર્મચારીઓનો સમાવેશ થાય છે. જામનગરના મરીન નેશનલ પાર્કના દિગ્વિજયસિંહ મહિપતસિંહ જાડેજા અને જામનગર વન વિભાગ કચેરીના કરશનભાઈ માડમ, ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાવન દિલીપભાઈ પરમાર, અબ્દુલ કાદીર, મો. હુશેન બી, હેમત એમ. ડાંગર, રાહુલ પી. ડાંગર, બાબુ ભોજાભાઈ નાંગેશનો સમાવેશ થાય છે.

એકાઉન્ટન્ટ
સી.એ.ની ઓફિસમાં ટેલી અને એકાઉન્ટિંગ કામના જાણકાર લેડીઝ - જેન્ટ્સ જોઈએ છે.
સત્યમ્ કોલોની ગેટની સામે, ૮૦ ફૂટ રોડ, જામનગર
M. 98259 77959

બાબજી ગ્લાસ
મો. ૯૮૨૪૮ ૯૨૪૧૧
બાબજી એલ્યુમિનીયમ
મો. ૯૪૨૭૯ ૪૩૩૫૨
એલ્યુમિનીયમ તથા ગ્લાસ મળશે.
ધણશેરી, જામનગર

પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન
સુધારો
ટેન્ડર નોટીસ નં. ઈ-ટેન્ડર નં. ઈ-ટેન્ડર નં. ઈ - ઓક્શન રેફરન્સ નં.: E-CTG-4-2025 તે તારીખ: 28.03.25 ના નવીકરણના પ્રયત્નોમાં તેમાં સુધારાઓ અમલમાં 5 વર્ષ + એક્સટેન્શન કામગીરી પર 1 જથ્થા 03 વર્ષનું નવીકરણ અને બાકી ઓર્ડરની ઈ - ઓક્શનની સમય 15.30 કલાકને કરેલ
જાણો વધુ સ્ટે facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન
OHE ફેરફાર કામ
ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૦૨૪-૨૦૨૫/૨૪ તા.૦૩-૦૪-૨૦૨૫. ટેન્ડર નં. આરજેટી-ઈએલ-ટીઆરડી-૨૦૨૪-૨૫-૨૪. કામનું નામ રાજકોટ ડિવિઝનના સ્ટેપ સિગ્નલોની આવશ્યક IOLs ના સ્થાનાંતરના સંબંધમાં OHE ફેરફાર કામ. અંદાજીત ખાતરી: ₹ ૧,૦૩,૩૨,૧૧૩.૦૩/- ઈમેમડી ખાતરી: ₹ ૨,૪૧,૭૦૦/- ઓન લાઈન અરજી કરવાની તારીખ અને સમય: તા.૦૧-૦૫-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી. ઓફીસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, પ્રેઝી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. વેબસાઈટ વિગત: www.ireps.gov.in
જાણો વધુ સ્ટે facebook.com/WesternRly

પાવનકારી પર્વ પહેલાં જ છોટીકાશીમાં ઉત્સવ

# જામનગરમાં રામનવમીની ઉજવણી નિમિત્તે નીકળી ભવ્ય ભક્તિફેરી

*તારીખ ૬.૪.૨૦૨૫ ને રવિવારના દિવસે મર્યાદાપુરુષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાનની આરાધનાનું પર્વ રામનવમી હોઈ, તે પહેલાં જ છોટી કાશી ગણાતા જામનગર શહેરના રામભક્તોમાં ઉત્સાહ જગાવવા માટે ગઈકાલે શુક્રવારે રાત્રે 'ભક્તિફેરી'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહાદેવ હર મિત્ર મંડળ અને હિન્દુ ઉત્સવ સમિતિના સંયુક્ત ઉપક્રમે પ્રતિવર્ષ રામનવમીના દિવસે ભવ્યાતિભવ્ય રામસવારીનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ રામનવમી ના તહેવાર ને લઈને જામનગરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યા છે,અને શોભાયાત્રા રંગેચંગે યોજાવાની છે. જેના આયોજનને આખરી ઓપ આપવા માટે ગઈકાલે રાત્રે યોજાયેલી મિટિંગ પૂર્ણ થયે ઉપસ્થિત તમામ ભક્તજનોની સંગાથે 'ભક્તિ ફેરી' યોજાઈ હતી. પંચેશ્વર ટાવર પાસેના શ્રી રામદૂત હનુમાનજી મંદિરેથી સ્વામિનારાયણ સંપ્રદાયના કોઠારી સ્વામી ચતુર્ભુજ દાસજી મહારાજ,રાજપૂત અગ્રણી પી.ડી.રાયજાદા, વગેરેએ ભગવા ધ્વજ ફરકાવીને ભક્તિ ફેરી નું પ્રસ્થાન કરાવ્યું હતું.*

*આ ભક્તિ ફેરી મહાદેવ હર મિત્ર મંડળના પ્રમુખ રાજુભાઈ વ્યાસ (મહાદેવ)ની આગેવાની હેઠળ 'જય જય શ્રી રામ' ના જયઘોષ સાથે સુપ્રસિદ્ધ બાલા હનુમાનજી મંદિરે પહોંચી હતી. જ્યાં પ્રભુદર્શન કરીને મંદિર પરિસરમાં ચાલી રહેલા અખંડ રામધુનના પાઠની સાથે તમામ રામ ભક્તોએ જોડાઈને સંગીતની સાથે જય શ્રીરામ ની ધૂન બોલાવી હતી. ત્યાર પછી આ ભક્તિ ફેરી પુનઃ પંચેશ્વર ટાવર પરત ફરી હતી. જેમાં બન્ને આયોજક સંસ્થાના અગ્રણીઓ - કાર્યકરો ઉપરાંત શહેરના ધાર્મિક, સામાજિક, જ્ઞાતિ મંડળો, યુવક મંડળોના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં રામભક્તો જોડાયા હતા, અને રામ નવમીના પાવનકારી પર્વ પહેલાં જ 'છોટી કાશી'માં રામ-મય વાતાવરણ બનેલું જોવા મળ્યું હતું.*